# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-02-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં 910 તળાવો નીમ કરાયા:

કચ્છ જિલ્લાના અર્ધશુષ્ક ભૌગોલિક ક્ષેત્રમાં જળ સંચય અને સંવર્ધનને પ્રાધાન્ય આપતા કચ્છ કલેક્ટર આનંદ પટેલની આગેવાનીમાં મહેસૂલ વિભાગે એક અભૂતપૂર્વ ઝુંબેશ પૂર્ણ કરી છે. ગુજરાતમાં સૌપ્રથમવાર કચ્છના 281 ગામોના કુલ 910 તળાવોની આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા માપણી કરી તેમને સત્તાવાર રીતે મહેસૂલી રેકર્ડ પર 'નીમ' કરવામાં આવ્યા છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાના 10 તાલુકાની અંદાજિત 5,691 એકર જમીનને તળાવ તરીકે સત્તાવાર દરજ્જો મળ્યો છે, જેમાં ભુજમાં 313, મુન્દ્રામાં 25, માંડવીમાં 38, નખત્રાણામાં 163, અબડાસામાં 87, અંજારમાં 132, ભચાઉમાં 78, રાપરમાં 18, લખપતમાં 45 અને ગાંધીધામમાં 11 એમ કુલ 910 તળાવો નીમ કરાયા છે.

આ પ્રક્રિયાથી ભવિષ્યમાં તળાવની જમીન પરના દબાણો અટકશે અને સુજલામ સુફલામ કે અમૃત સરોવર જેવી યોજનાઓ હેઠળ બ્યુટીફિકેશન અને જળસંચયના કામો વેગવંતા બનશે.

આ ઝુંબેશના પરિણામે ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે, માઈક્રો-ક્લાઈમેટમાં સુધારો થશે અને પશુ-પંખીઓ માટે પીવાના પાણીના સ્ત્રોત મજબૂત બનશે. પર્યાવરણ રક્ષણ અને ભાવિ પેઢી માટે જળ સંરક્ષણના આ મહત્વપૂર્ણ કાર્ય માટે વન વિભાગને વૃક્ષારોપણ અને સિંચાઈ વિભાગને સુચારુ આયોજન કરવા સૂચના આપવામાં આવી છે.

------------------------------------------------------------------------------------------

## મેઘપર-બોરીચીમાં ગટરના કામો:

ગાંધીધામ મહાનગરપાલિકાના મેઘપર બોરીચી અને કુંભારડી વિસ્તારમાં ગટરની સમસ્યા ઉકેલવા માટે રૂપિયા 104 કરોડના ખર્ચે 161.87 કિલોમીટર લાંબી પાઇપલાઇન નેટવર્ક

ઊભું કરવાના પ્રકલ્પને સરકાર દ્વારા મંજૂરી મળી ગઈ છે. ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી આગામી બે વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

---

## ગાંધીધામ-આદિપુર સેક્શનમાં ત્રીજી અને ચોથી રેલ્વે લાઈન :

પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગ દ્વારા ગાંધીધામ-આદિપુર સેક્શનમાં ત્રીજી અને ચોથી રેલવે લાઇન નાખવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આશરે 17 કિમી લાંબા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના લોકાર્પણ પૂર્વે, આવતીકાલે નવા ટ્રેક પર 120 કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેન દોડાવીને સ્પીડ ટ્રાયલ લેવામાં આવશે. આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા આદિપુર સ્ટેશન પરનું નવું 'વાય' કનેક્શન છે. આ સુવિધાને કારણે હવે ટ્રેનોએ ગાંધીધામ સ્ટેશન પર એન્જિન બદલવા માટે થોભવું નહીં પડે. પરિણામે મુસાફરોની અંદાજે 20 મિનિટની બચત થશે અને રેલવેના ઇંધણના ખર્ચમાં પણ ઘટાડો થશે.

---

## વાગડ બાળ વિકાસ યાત્રા :

વાગડ પંથકમાં સામાજિક પરિવર્તન લાવવાના હેતુથી યોજાયેલી 7 દિવસીય ‘વાગડ બાળ વિકાસ યાત્રા’નું શનિવારે સમાપન થયું હતું. ‘ઈસાર’ એનજીઓ દ્વારા આયોજિત આ યાત્રાએ 45 ગામોમાં 400 કિલોમીટર ભ્રમણ કરી 31 હજારથી વધુ લોકોને શિક્ષણ અને બાળલગ્ન વિરોધી સંદેશ આપ્યો હતો.

આ યાત્રા દરમિયાન ‘રક્ષા કવચ’ અભિયાન સૌથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું, જેમાં દીકરીઓએ વડીલોના કાંડે રક્ષા બાંધીને બાળપણ ન છીનવવા અને ભણવા દેવાની વિનંતી કરી હતી. અનેક વડીલોએ જાહેરમાં બાળલગ્ન ન કરવાના સોગંદ લીધા હતા. આ યાત્રામાં ગામના સરપંચો, કિશોર અને કિશોરીઓ, કાનૂની સેવા સત્તા મંડળ, પોલીસ તંત્ર જોડાયુ હતું.

---

## હવામાન :

કચ્છ જિલ્લામાં હાલ લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.  ઉનાળાના આગમનને હજી વાર છે, પરંતુ છેલ્લા ચાર દિવસથી જિલ્લામાં વિષમ હવામાન જોવા મળી રહ્યું છે. બપોરે મહત્તમ પારો ઊંચો જતાં ઉનાળા જેવો તાપ લાગે છે, જ્યારે રાત્રે ગુલાબી ઠંડીનો અનુભવ થાય છે. આજે 11.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યના ઠંડા મથકોની યાદીમાં પ્રથમ ક્રમે રહ્યું છે. જિલ્લા મથક ભુજમાં 16.8 ડિગ્રી તાપમાન નોંધાયું છે.  હવામાન વિભાગે આગામી સપ્તાહ સુધી મોટા ફેરફારની શક્યતા નકારી છે. ફેબ્રુઆરીના અંત સુધી ગરમી-ઠંડીની આ વિષમતા જારી રહેશે.

---

## ગાંધીધામ આઈ.ટી.આઈની સિદ્ધિ :

રાજકોટ રીજિયન મોડેલ પ્રતિયોગીતામાં ગાંધીધામ ITI એ ઝળહળતી સફળતા મેળવી છે. મોરબી ખાતે યોજાયેલી આ પ્રાદેશિક સ્પર્ધામાં 99 આઇટીઆઇના 85 મોડેલ રજૂ થયા હતા, જેમાં ગાંધીધામનું 'ટ્રાન્સમિશન લાઇન ફોલ્ટ ડિટેક્ટર' સમગ્ર રીજિયનમાં તૃતીય ક્રમે આવ્યું હતું. મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી કરાઈ હતી. ઉલ્લેખની છે કે છે કે, રાજકોટમાં યોજાયેલી વાઈબ્રન્ટ સમિતિ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ પણ આ કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી.

---

## નવા વિદ્યાસહાયકોનું સ્નેહ મિલન :

તાજેતરમાં કચ્છ જિલ્લામાં ખાસ ભરતી અંતર્ગત વિધાસહાયકોની મોટી ભરતી કરવામાં આવી હતી જેમાં ભુજ તાલુકાને પણ વિશેષ સંખ્યામાં શિક્ષકો ફાળવાયા છે. આ નવનિયુક્ત વિદ્યાસહાયકો માટે ભુજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ અને શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્નેહમિલન તેમજ સેવાપોથી નિર્માણનો કાર્યક્રમ યોજાયો હતો.

ભુજ તલુકામાં પ્રથમ વખત એકસાથે ૩૦૦થી વધુ શિક્ષકોની સેવાપોથી તૈયાર કરવાનો રેકોર્ડ આ કાર્યક્રમમાં સ્થાપિત થયો હતો.

-----------------------------------------------------------------------------------------